# WORLD CANCER DAY

uicc global cancer control

A MEMBERSHIP ORGANISATION FIGHTING CANCER TOGETHER

worldcancerday.org WORLD CANCER DAY FEBRUARY 4th



દર વર્ષે ૪ ફેબ્રુઆરી " વિશ્વ કેન્સર દિવસ", સમગ્ર વિશ્વની વસ્તીને કેન્સર સામે લડત આપવા પ્રેરીત કરે છે. આ દિવસ ઉજવવા પાછળનો મુખ્ય હેતુ કેન્સર વિશેની જનજાગ્રુતિ વધારી કેન્સર દ્વારા થતા લાખો મ્રુત્યુ અટકાવવાનો છે.

## "વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫"

"કેન્સર થતુ અટકાવવુ આપણી પહોંચમાં છે" ટેગલાઇન હેઠળ વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫ ની ઉજવણી એક હકારાત્મક  વિચાર અને સક્રિય અભિગમ સાથે કરવામાં આવેલ છે. આ અભિયાન દ્વારા કેન્સર વિષેની આપણી સમજ અને આપનું જ્ઞાન- કેન્સર નિવારણ, વહેલુ નિદાન અને સચોટ સારવાર- વધારવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. વિશ્વ કેન્સર દિવસ વ્યક્તિગત, સમુદાય કે સરકારને કેન્સર વિશે જનજાગ્રુતિ લાવવા માટેની અનેરી તક આપે છે અને આપણે એક સાથે આગળ વધી બતાવી શકીએ કે "કેન્સર થતુ અટકાવવુ આપણી પહોંચમાં છે".

## "વિશ્વ કેન્સર દિવસનું મહત્વ"

વૈશ્વિક કેન્સરની બિમારીએ એક મહામારી બનવા તરફ આગળ વધી રહેલ છે. હાલમાં વિશ્વમાં 8.2 મિલિયન લોકો કેન્સરના લીધે મ્રુત્યુ પામી રહ્યા છે, જેમાંના 4 મિલિયન લોકો અકાળે મ્રુત્યુ પામે છે. (૩૦-૬૯ વર્ષ વયના)

કેન્સરની જનજાગ્રુતિ દ્વારા કેન્સરના વધી રહેલા ભારણ સામે તાત્કાલીક પગલા લેવા જરૂરી બની ગયા છે.

હવે ક્યારેય ન હતી એવી વૈશ્વિક પ્રતિબ્ધત્તાની જરૂર કેન્સર નિયંત્રણના અમલીકરણ માટે ઉભી થઇ ચુકેલ છે. વળી વધારામાં અપુરતા સ્ત્રોતો સાથે ઝઝુમતા, ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોને ટેકો આપવો એ આપણી સામુહિક જવાબદારી છે. વિશ્વ કેન્સર દિવસ તેનો પ્રચાર કરવા માટે અને કેન્સરનો લોકોમાં રહેલો ભય દુર કરવા માટેની ઉત્તમ તક આપે છે.

# “વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫”

## “કેન્સર થતું અટકાવવું આપણી પહોંચમાં છે”



“વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫”ના અભિયાનનો હેતુ કેન્સર સામેની લડતને એક હકારાત્મક વેગ પુરો પાડવાનો છે. “કેન્સર થતું અટકાવવું આપણી પહોંચમાં છે” આ સૂત્ર દ્વારા દર્શાવવામાં આવે છે કે કેન્સર નિયંત્રણના ઉકેલો અસ્તિત્વમાં છે અને આપણે કેન્સરનું ભારણ ઘટાડવા માટે સક્ષમ છીએ.

# “વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫”

## “કેન્સર થતું અટકાવવું આપણી પહોંચમાં છે”



### સ્વસ્થ જીવનની પસંદગી

- એક હૃદયના આકારનું સફરજન આપણને યાદ અપાવે છે કે, સારું સ્વાસ્થય એ આપણી સુખાકારીમાં કેન્દ્ર સ્થાને છે.આપણે બધા એક સમાન છીએ અને કેન્સ્રર નિવારણ અને સ્વાસ્થયની પુર્ણ ક્ષમતા સુધી પહોંચવા હકદાર છીએ.
- એક વક્ર રેખા દ્વારા જોડાયેલા સફરજનના બે છીદ્ર એક સ્મિતની રચના કરે છે અને ધ્યાન દોરે છે કે તંદુરસ્ત જીવન એ ભૌતિક અને માનસિક સુખાકારી  મેળવવા માટે સક્ષમ છે અને આપણી પહોંચમાં છે.

# “વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫”

## “કેન્સર થતું અટકાવવું આપણી પહોંચમાં છે”



### વહેલુ નિદાન

- આંખ નો આકાર અને તેના મધ્યમાં રહેલો લંબાવવર્તી (મેગ્નિફાય) ગ્લાસ વહેલા નિદાન, લક્ષણો ની પરખ  અને સંભાળનું મહત્વ બતાવે છે.
- આંખની કીકી સાથે રહેલો હસ્તો ચહેરો આપણને યાદ અપાવે છે કે આપણું વર્તન અને આપણો વ્યવહાર એ કેન્સરના ભય અને કેન્સરના લાંછનને સંપુર્ણ પણે નાબુદ કરી શકે છે કે જે હંમેશા કેન્સરનું વહેલુ નિદાન અને સારવાર માટે અડચણ રૂપ બની રહેલું છે.

# "વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫"

## "કેન્સર થતું અટકાવવું આપણી પહોંચમાં છે"



### બધા માટે સારવાર

- બે હાથ જોડાઇને બનતું હૃદય આપણા સૌની સમાનતા અને એકતાનું પ્રતિક બને છે અને દર્શાવે છે કે આપણે બધાને કોઇ પણ જાતના ભેદભાવ વગર અસરકારક અને સમાન કેન્સરની સારવારના હક્કો પ્રાપ્ય છે.
- હાથના અંદર રહેલું એક નાનું ટપકું અને અણુ, કેન્સરની દવાઓ અને સારવાર માટે વપરાયેલુ છે, જે કેન્સરથી પીડાતા દરેક દર્દીનો હક છે.

# "વિશ્વ કેન્સર દિવસ-૨૦૧૫"

## "કેન્સર થતું અટકાવવું આપણી પહોંચમાં છે"



### જીવનની ગુણવત્તા

- કેન્સર માત્ર દર્દીના શરીર પર નહી, પરંતુ તેમના ભાવનાત્મક અને માનસિક સ્વાસ્થય અને સામાન્ય સુખાકારી પર પણ અસર કરે છે.
- સૂર્યએ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કેન્સરથી પીડાતા દર્દીઓ માટે જીવન, હકારાત્મકતા અને  સશક્તિ કરણનું પ્રતિક છે.
- સૂર્ય પરથી ચંદ્ર પરનું સ્થળાંતર જીવનના ઘણા સંક્રમણો સમજાવે છે.
- આ ચિત્રની પરિઘ આવરતા ટપકાં, કેન્સરના દર્દીની કાળજી લેતા વ્યક્તિઓ માટે દર્શાવ્યા છે કે જેમનો ટેકો પણ કેન્સરની સારવાર માટે મહત્વનો ભાગ ભજવે છે.